Page:
Date:

Name : Khungla Manisha Kishorbhai

Roll No : 280

Sub : COC

PNR No : COC2025280

Sing : Manisha

1] મુલાકાત પદ્ધતિ :

મુલાકાત એક અભ્યાસ પદ્ધતિ પણ છે અને એક અભ્યાસ સાધન પણ છે જેની મદદથી મહત્વપૂર્ણ માહિતી એકત્રિત કરવામાં આવે છે. મુલાકાતને અંગ્રેજીમાં 'Interview' કહેવાય છે. અંગ્રેજી શબ્દ Inter નો અર્થ છે અંદર અને view નો અર્થ છે. આમ, અંદર જવાની પ્રક્રિયા એ જ મુલાકાત કહેવાય છે.

મુલાકાત પદ્ધતિ એ માહિતી એકત્ર કરવાની એકત્ર કરવાની એવી પદ્ધતિ છે. જેમાં સંશોધન, શિક્ષક કાઉન્સેલર અથવા ઇન્ટરવ્યુ લેનાર વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે સીધી સામસામે અથવા આયોજિતબદ્ધ વાતચીત કરીને પ્રશ્નો પૂછે છે તેના જવાબો પરથી જરૂરી માહિતી છે. આ પદ્ધતિમાં માત્ર પ્રશ્નો જ નહીં પરંતુ સામેની વ્યક્તિની ભાવભંગિમા અવાજનો સ્વર, લાગણીઓ અને પ્રતિભાવ પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

* મુલાકાત પદ્ધતિની વ્યાખ્યાઓ:

- સીધી વાતચીત દ્વારા માહિતી મેળવવાની પદ્ધતિને મુલાકાત પદ્ધતિ કહેવાય.

- સામસામે વાતચીત કરીને જરૂરી માહિતી એકત્ર કરવાની પદ્ધતિને મુલાકાત પદ્ધતિ કહેવાય.

- વ્યક્તિગત સંપર્ક દ્વારા વિશ્વસનીય માહિતી મેળવવાની પદ્ધતિને મુલાકાત પદ્ધતિ કહેવાય.

मुलाकात

## * મુલાકાત પદ્ધતિનું સ્વરૂપ :-

મુલાકાત પદ્ધતિમાં વાતચીતનું મહત્વનું સ્થાન છે. તેમાં પુછનાર વ્યક્તિ યોગ્ય પ્રશ્નો તૈયાર કરે છે અને જવાબ આપનાર વ્યક્તિને આરામદાયક વાતાવરણ માં જવાબ આપવા માટે પ્રોત્સાહિત કરે છે. આ પદ્ધતિ લવચીક હોય છે. એટલે કે જવાબ અનુસાર નવા પ્રશ્નો પુછાઈ શકે છે. તેથી માહિતી વધુ ઊંડાણપુર્વક અને સાચી મળે છે.

## * મુલાકાત પદ્ધતિના તત્વો :-

- મુલાકાત લેનાર
- મુલાકાત આપનાર
- પ્રશ્નો
- વાતચીતનું વાતાવરણ
- અવલોકન

## * મુલાકાત પદ્ધતિના પ્રકાર :-

1) રચિત મુલાકાત
2) અરચિત મુલાકાત
3) અર્ધ - રચિત મુલાકાત
4) વ્યક્તિગત મુલાકાત
5) જુથ મુલાકાત

1) રચિત મુલાકાત :-

રચિત મુલાકાતએ મુલાકાત પદ્ધતિનો એક મહત્વપૂર્ણ પ્રકાર છે. તેમાં પ્રશ્નો પહેલેથી નક્કી કરેલા ક્રમબદ્ધ અને એકસરખા હોય છે. દરેક વ્યક્તિને એ જ પ્રશ્નો એ જ ક્રમમાં પુછવામાં આવે છે જેથી મળેલી માહિતીની તુલના અને વિશ્લેષણ સરળ બને.

વ્યાખ્યા :-

જે મુલાકાતમાં પ્રશ્નો પહેલેથી તૈયાર અને નિશ્ચિત હોય તથા દરેક પ્રતિભાગીને એ જ પ્રશ્નો પુછવામાં આવે તેને રચિત મુલાકાત કહેવાય.

- પ્રશ્નાવલી અગાઉથી તૈયાર હોય.
- દરેક વ્યક્તિ માટે સમાન પ્રશ્નો.
- પ્રશ્નોના ક્રમ નક્કી.
- જવાબો નોંધવાની વ્યવસ્થિત રીત.

- રચિત મુલાકાતના પ્રકાર :-
  1) બંધ પ્રશ્નો
  2) બહુવિકલ્પના પ્રશ્નો
  3) સ્કેલ આધારિત પ્રશ્નો

* ફાયદો :-

1 તુલનાત્મક અભ્યાસ સરળ
2 પક્ષપાત ઓછું
3 વિશ્લેષણ સરળ
4 વિશ્વસનીય પરિણામ
5 સમય બચત

Meenakshee

* गेरफायदा :-

1 लवचीकता ओछी
2 व्यक्तिगत ऊंडाण ओछुं
3 नवा मुद्दा बहार आववानी शक्यता ओछी
4 भावनात्मक पासां ओछी समजाय

2) अरचित मुलाकत :-

अरचित मुलाकत ए मुलाकात पद्धतिनो एवो प्रकार छे जेमां प्रश्नो पहेलेथी नक्की करेल होता नथी. वातचीत स्वतंत्र रीते आगळ वधे छे अने जवाब आपनार व्यक्तिना जवाबो अनुसार नवा प्रश्नो पुछवामां आवे छे. आ पद्धति व्यक्तिना आंतरीक विचारो लागणीओ अनुभव अने समजवा माटे अत्यंत उपयोगी छे.

व्याख्या :-

जे माहिती मुलाकामां प्रश्नोनी कोई निश्चित यादी के क्रम न होय अने वातचीत जवाब अनुसार आगळ वधे तेने अरचित मुलाकात कहेवाय.

- प्रश्नो पहेलेथी नक्की न होय.
- खुल्ली अने स्वतंत्र वातचीत.
- लवचीकता वधारे.
- व्यक्तिने खुल्लुं बोलवा प्रोत्साहन.

Manisha

* અરચિત મુલાકાતના પ્રકાર :-

1) ક્લિનિકલ મુલાકાત
2) કાઉન્સેલિંગ મુલાકાત
3) કેસ સ્ટડી મુલાકાત
4) ડાયગ્નોસ્ટિક મુલાકાત

-• ફાયદા :-

- ઊંડાણપૂર્વક અને વિગતવાર માહિતી મળે.
- વ્યક્તિ પોતાની લાગણીઓ ખુલ્લેઆમ વ્યક્ત કરે.

-• ગેરફાયદા :-

- વધુ સમય લાગે.
- તુલના કરવી મુશ્કેલ.
- વિશ્લેષણ મુશ્કેલ.

3) અર્ધ - રચિત મુલાકાત :-

અર્ધ રચિત મુલાકાત એ મુલાકાત પદ્ધતિ નો એવો પ્રકાર છે જેમાં થોડા પ્રશ્નો પહેલેથી નક્કી કરેલા હોય છે. અને થોડા પ્રશ્નો વાતચીત દરમિયાન જવાબ મુજબ પુછવામાં આવે છે. આ પદ્ધતિમાં રચિત મુલાકાતની વ્યવસ્થિતતા અને અરચિત મુલાકાતની લવચીકતા બંનેના સંયોજન જોવા મળે છે. તેથી આ પદ્ધતિ ને સૌથી પ્રચલિત અને અસરકારક માનવામાં આવે છે.

Manisha

-. વ્યાખ્યા:-
જે મુલાકાતમાં કેટલાક પ્રશ્નો પૂર્વ નિર્ધારિત હોય અને કેટલાક પ્રશ્નો જવાબ અનુસાર સ્વતંત્ર રીતે પૂછવામાં આવે તેને અર્ધ રચિત મુલાકાત કહેવાય.

- પ્રશ્નોની આંશિક રીતે તૈયાર થાહી.
- વ્યક્તિને ખુલ્લું બોલવાની તક.
- નવા મુદ્દા બહાર લાવવાની શક્યતા.

-. ફાયદા :-

- ઊંડાણપૂર્વક અને વિશ્વસનીય માહિતી મળે.
- તુલના અને વિશ્લેષણ શક્ય બને.
- રચિત અને અરચિત બંનેના લાભ મળે.

-. ગેરફાયદા :-

- સમય વધારે લાગી શકે.
- વિશ્લેષણમાં મુશ્કેલી.
- દરેક માટે પ્રશ્નો સંપુર્ણ સમાન ન રહે.

4) વ્યક્તિગત મુલાકાત :-

વ્યક્તિગત મુલાકાત માં એક ઇન્ટરવ્યું લેનાર અને એક જ વ્યક્તિ વચ્ચે સામસામે ખાનગી અને સીધી વાતચીત થાય છે. આ પદ્ધતિઓ વ્યક્તિના વિચારો લાગણીઓ અને માનાસિક સ્થિતિને ઊંડાણપુર્ણક સમજવાનાં પ્રયત્ન કરવામાં આવે છે

વ્યાખ્યા :-
જ્યારે એક વ્યક્તિ સાથે એકલામાં સામસામે વાતચીત કરીને તેની પાસેથી માહિતી અનુભવ અને લાગણીઓ મેળવવામાં આવે તેને વ્યક્તિગત મુલાકાત કહેવાય.

- ખાનગી અને વિશ્વાસપૂર્ણ વાતાવરણ
- સીધી અને વ્યક્તિ કેન્દ્રિત વાતચીત
- ભાવનાઓ અને હાવભાવનું અવલોકન

- ફાયદા :-

- ઊંડાણપૂર્વક અને સાચી માહિતી મળે
- વિશ્વાસ અને ગુપ્તતા જળવાય
- ગેરસમજ તરત દૂર કરી શકાય.

- ગેરફાયદા :-

- સમય વધુ લાગે
- મોટા સમૂહ માટે યોગ્ય નથી
- ખર્ચ વધારે.

5) જૂથ મુલાકાત :-

જૂથ મુલાકાત માં એક ઇન્ટરવ્યુ લેનાર અને એકથી વધુ વ્યક્તિઓ વચ્ચે એક સાથે વાતચીત થાય છે આ પદ્ધતિમાં સમૂહમાં ચર્ચા થવાથી વ્યક્તિઓના વિચારો અભિપ્રાયો વલણ પરસ્પર ક્રિયા અને સામાજિક વર્તન સમજવામાં મદદ મળે છે.

- વ્યાખ્યા :-

જ્યારે એક ઇન્ટરવ્યુ લેનાર એક સાથે અનેક વ્યક્તિઓ સાથે ચર્ચા કરીને માહિતી મેળવે તેને ગ્રુપ મુલાકાત કહેવાય.

- સમૂહ આધારિત ચર્ચા.
- સભ્યો વચ્ચે પરસ્પર ક્રિયા.
- સમય અને ખર્ચની બચત.

* ગ્રુપ મુલાકાતના પ્રકાર :-

1) ફોકસ ગ્રુપ ઇન્ટરવ્યુ.
2) શૈક્ષણિક ગ્રુપ મુલાકાત
3) સામાજિક સર્વે માટે ગ્રુપ મુલાકાત
4) નોકરી માટે ગ્રુપ મુલાકાત

- ફાયદા :-

- ઓછી સમયમાં વધુ માહિતી મળે.
- ખર્ચ અને સમય બંનેમાં બચત.
- વિવિધ દૃષ્ટિકોણ મળે.

- ગેરફાયદા :-

- શરમાળ વ્યક્તિઓ ઓછું બોલે.
- કેટલાક લોકો ચર્ચા પર હાવી થાય.
- ગુપ્તતા જાળવવી મુશ્કેલ.

આમ, કહી શકાય કે મુલાકાત પદ્ધતિ એ માહિતી એકત્ર કરવાની અત્યંત મહત્વપૂર્ણ અને ઉપયોગી પદ્ધતિ છે. જેમાં વ્યક્તિ સાથે સીધી વાતચીત કરી તેમની માહિતી વધુ સાચી, સ્પષ્ટ અને વિશ્વસનીય મળે છે. ખાસ કરીને મનોવિજ્ઞાન વિષય અને શૈક્ષણિક ક્ષેત્રમાં મુલાકાત પદ્ધતિ અનિવાર્ય ગણાય છે.

## 2) પ્રશ્નાવલી પદ્ધતિ :-

પ્રશ્નાવલી પદ્ધતિ એ માહિતી સંગ્રહ કરવાની એક વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત સંશોધન દ્વારા નિર્ધારિત હેતુને ધ્યાનમાં રાખીને તૈયાર કરેલા પ્રશ્નોની યાદી જવાબદાતાઓને આપવામાં આવે છે અને તેમના લેખિત જવાબોના આધારે માહિતી એકત્રિત કરવામાં આવે છે.

### પ્રશ્નાવલી પદ્ધતિનો અર્થ :-

પ્રશ્નાવલી એટલે એવા પ્રશ્નોના સમૂહ જે સંશોધનના ઉદ્દેશ્ય અનુસાર તૈયાર કરવામાં આવે છે. તેમાં જવાબદાર પોતે જ પ્રશ્નો વાંચીને અને સમજીને પોતાના વિચારો અનુભવ અભિપ્રાય અથવા માહિતી લેખિત સ્વરૂપે આપે છે. આથી તેને સ્વ - અહેવાલ પદ્ધતિ પણ કહેવામાં આવે છે.

### પ્રશ્નાવલી પદ્ધતિની વિશેષતાઓ :

પ્રશ્નો લેખિત સ્વરૂપમાં હોય છે.
જવાબદાતા પોતે જ જવાબ આપે છે.
એકસરખા પ્રશ્નો બધાને પુછવામાં આવે છે.
માહિતી એકત્ર કરવાની પ્રક્રિયા નિષ્પક્ષ હોય છે.
વિશ્લેષણ માટે માહિતી માનકીકૃત બને છે.

* પ્રશ્નાવલી પદ્ધતિના પ્રકાર :-

1) ખુલ્લા પ્રકારની પ્રશ્નાવલી
2) બંધ પ્રકારની પ્રશ્નાવલી
3) મિશ્ર પ્રકારની પ્રશ્નાવલી

1) ખુલ્લા પ્રકારની પ્રશ્નાવલી :-

ખુલ્લી પ્રશ્નાવલી પદ્ધતિ એવી સંશોધન પદ્ધતિ છે. જેમાં પ્રશ્નોના જવાબ માટે નિશ્ચિત વિકલ્પ આપવામાં આવતા નથી. પ્રતિસાદ આપનાર વ્યક્તિ પોતાની ભાષામાં પોતાના વિચારો અને અનુભવ મુજબ જવાબ આપે છે.

* લાભ :-

વિષયની ઊંડાણપૂર્વક સમજ મળે.
નવા વિચારો અને મુદ્દાઓ સામે આવે.
પ્રતિસાદ આપનારને ખુલ્લેઆમ બોલવાની તક.

* મર્યાદા :-

- જવાબોનું વિશ્લેષણ સમયખાઉ
- સરખામણી કરવી મુશ્કેલી.
- ભાષા અને લેખન ક્ષમતા પર આધાર.

Page: Date: 12

2) બંધ પ્રકારની પ્રશ્નાવલી:-

બંધ પ્રશ્નાવલી પદ્ધતિ એવી સંશોધન પદ્ધતિ છે. જેમાં પ્રશ્નોના જવાબ માટે નિશ્ચિત વિકલ્પો (હા/ના, બહુવિધ વિકલ્પો, સ્કેલ વગેરે) આપવામાં આવે છે. પ્રતિસાદ આપનાર વ્યક્તિએ આપેલ વિકલ્પોમાંથી જ જવાબ પસંદ કરવો પડે છે.

* લાભ:-

- વિશ્લેષણ સરળ અને ઝડપી
- મોટા સમુહમાંથી માહિતી મેળવી શકાય.

* મર્યાદાઓ:-

- વિકલ્પોની મર્યાદા.
- નવા વિચારો બહાર આવવાની શક્યતા ઓછી.

3) મિશ્ર પ્રશ્નાવલી પદ્ધતિ:-

મિશ્ર પ્રશ્નાવલી પદ્ધતિ એવી સંશોધન પદ્ધતિ છે. જેમાં બંધ પ્રશ્નો અને ખુલ્લા પ્રશ્નો બંનેનો સમાવેશ થાય છે. આ પદ્ધતિથી પરિમાણાત્મક તેમજ ગુણાત્મક બંને પ્રકારની માહિતી મળે છે.

* લાભ:-

- આંકડાકીય વિશ્લેષણ સાથે વિચારોની સમજ
- પ્રતિસાદ આપનારને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની.

* મર્યાદાઓ :-

- પ્રશ્નાવલી લાંબી બને છે.
- સમય અને મહેનત વધુ લાગે.
- વિશ્લેષણ માટે વધુ કુશળતા જોઈએ.

-• ઉપયોગ :-

1. માનસિક અભ્યાસમાં
2. જનમત સર્વેક્ષણમાં
3. બજાર સંશોધનમાં
4. સરકારી ખાનગી સંસ્થાઓમાં

પ્રશ્નાવલી પદ્ધતિ માહિતી સંગ્રહ માટે એક સરળ અસરકારક અને વૈજ્ઞાનિક પદ્ધતિ છે. જે પ્રશ્નાવલી યોગ્ય રીતે તૈયાર કરવામાં આવે તો તે સંશોધન વિશ્વ-સનીય અને ઉપયોગી બનાવે છે.